અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની
કોર્ટમાં, અમદાવાદ.

ફોજદારી કેસ નં. 5001/2024
આંકઃ

**ફરિયાદીઃ સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઃ સાબીરભાઈ ગુલાબભાઈ ચૌહાણ**

બાબત :- ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ મુજબ

---

**//ચુકાદો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અને આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુકમ//**

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ર૫ર અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા **500/– ( અંકે રુપિયા પાંચસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૪
સ્થળ: અમદાવાદ

(એમ.ડી. વીરાણી)
બીજા એડી.સિવીલ જજ
જયુ.મેજી.ફ.ક
અમદાવાદ (ગ્રામ્ય)
UIC No.GJ01362